દદીર્ અને સંભાળદાતા શિક્ષણ

# તમારી વર્ચ્યુર્અલ કોલોનોસ્કોપી (VC) માટે કેવી રીતે તૈયાર થવું

આ સંસાધન તમને MSK ખાતે તમારી વર્ચ્યુર્અલ કોલોનોસ્કોપી માટે તૈયાર થવામાં મદદ કરશે. VC ને કેટલીકવાર કમ્પ્યુટેડ ટોમોગર્ાફી (CT) કોલોનોગર્ાફી કહેવામાં આવે છે.

## તમારી વર્ચ્યુર્અલ કોલોનોસ્કોપી વિશેની માહિતી

વર્ચ્યુર્અલ કોલોનોસ્કોપી એ કોલોરેક્ટલ કેન્સરના લક્ષણો જોવા માટેનું એક પરીક્ષણ છે. VC તમારા કોલોન (મોટા આંતરડા) અને ગુદામાગર્ની અંદરના 3D ચિતર્ો લેવા માટે CT સ્કેનનો ઉપયોગ કરે છે. તમારું ગુદામાગર્ એ તમારા મોટા આંતરડાનો છેલ્લો ભાગ છે. સ્કેનની છબીઓ તમારા ડૉક્ટરને સ્કોપનો ઉપયોગ કયાર્ વિના તમારા આંતરડાની અંદર જોવામાં મદદ કરે છે. સ્કોપ એ નિયમિત કોલોનોસ્કોપી દરમિયાન ગુદામાગર્માં મૂકવામાં આવતી લવચીક નળી છે.

VC દરમિયાન, તમારા ડૉક્ટર તમારા કોલોન અને ગુદામાગર્ના આંતરિક આચ્છાદનમાં પોલિપ્સ (ગાંઠ) જોશે. પોલીપ્સ (ગાંઠ) મોટાભાગે કેન્સરગર્સ્ત હોતા નથી, પરંતુ તે કેન્સર બની શકે છે. તમારા ડૉક્ટર કોઈપણ સમસ્યાઓ માટે તમારા પેડુ (પેટ) અને પેલ્વિસના ભાગોને પણ તપાસશે.

### કોલોરેક્ટલ કેન્સર અને પોલિપ્સ માટે સ્કર્ીનીંગ

તમારે 45 વષર્ની ઉંમરે કોલોરેક્ટલ કેન્સર અને પોલિપ્સ માટે સ્કર્ીનીંગ (તપાસ કરાવવાનું) શરૂ કરી દેવું જોઈએ. જો તમને કોલોરેક્ટલ કેન્સરનો કૌટુંબિક ઇતિહાસ હોય તો તમારા ડૉક્ટર તમને 45 વષર્ની ઉંમર પહેલાં સ્કર્ીન કરાવવાની ભલામણ કરી શકે છે. તેનો અથર્ એ કે લોહીના સંબંધીને કોલોરેક્ટલ કેન્સર થયું છે. લોહીના સંબંધી એ લોહી દ્વારા સંબંધી છે અને તમારા નજીકના કુટુંબના સભ્ય છે, જેમ કે માતાપિતા, ભાઈ-બહેન અથવા સંતાન.

જો તમારા ડૉક્ટરને મોટી પોલીપ અથવા ગાંઠ જોવા મળે, તો તેને કાઢી નાખવા માટે તમને નિયમિત કોલોનોસ્કોપીની જરૂર પડી શકે છે. મોટી પોલીપ 3/8 ઇંચ (1 સેન્ટિમીટર) અથવા મોટી હોય છે. મોટા પોલીપ્સને કાઢી નાખવું અગત્યનું છે કારણ કે તે કેન્સરમાં પરિવતિર્ત થવાની સંભાવના વધારે છે.

## તમારી પર્કિર્યા પહેલાં શું કરવું જોઈએ

### તમારી પર્ેપ કિટ લો

તમારા VC પહેલાં, તમારે પર્ેપ કીટનો ઉપયોગ કરીને તમારા કોલોનને સાફ (ખાલી) કરવી પડશે. તમારે

**MSK ફામર્સીમાંથી**નીચેની સામગરી્ લેવવી પડશે:

- બિસાકોડાઈલ (Dulcolax®) ની 2 (5 મિલિગર્ામ) ટેબ્લેટ્સ. તમને 10 ટેબ્લેટનું એક બોક્સ આપવામાં આવશે, પણ તમને માતર્ 2 લેવાની જરૂર પડશે.
- Iohexol (આયોહેક્સોલ) 350 ની 1 (50 મિલીલીટર) બોટલ (ઓમ્નિપેક®). આ એક કોન્ટર્ાસ્ટ ડાઈ છે જે તમારા VC દરમિયાન તમારા મોટા આંતરડાને જોવાનું આસાન બનાવશે. બોટલને ફિર્જમાં ન મૂકી રાખો અને તેને સીધી સૂયર્પર્કાશમાં પણ ન રાખો.
- બેરિયમ સલ્ફેટ સસ્પેન્સન પર્વાહીની 1 (225 મિલિલીટર) બોટલ. આ એક અન્ય પર્કારની કોન્ટર્ાસ્ટ ડાઈ છે. તમે તેને ફિર્જમાં અથવા રૂમ તાપમાને રાખી શકો છો.
- 1 (8.3 ઔંસ અથવા 238 ગર્ામ) પોલિઇથિલિન ગ્લાયકોલ (MiraLAX ®) ની બોટલ.

તમને આની પણ જરૂર પડશે:

- લાલ, જાંબલી કે નારંગી રંગના ન હોય તેવા કોઈપણ સ્પષ્ટ પર્વાહીની 1 (64 ઔંસ) બોટલ. Gatorade® (ગેટોરેડ) અથવા Powerade® (પાવરેડ) જેવું સ્પોટ્સર્ ડિર્ંક એ સારી પસંદગી છે. સ્પોટ્સર્ ડિર્ંક્સ આંતરડાની તૈયારી (પરી્પ) દરમિયાન તમે જે ઇલેક્ટર્ોલાઇટ્સ ગુમાવશો તેને પુનઃસ્થાપિત કરવામાં મદદ કરશે. જો તમને ડાયાબિટીસ છે તો સુગર-ફર્ી ક્લિયર પર્વાહી લો છે એની ખાતરી કરો. તેને ઓરડાના તાપમાને રાખો.
- એક પિચર અથવા બોટલ જે 64 ઔંસ પર્વાહી સમાવી શકે છે.

### તમારી દવા વિશે પૂછો

તમારે તમારી નિયમિત દવાઓ લેવાનો સમય બદલવાની જરૂર પડી શકે છે. આ એટલા માટે છે કે તમે તમારી આંતરડાની પરે્પની દવા અને તમારી અન્ય દવાઓ એક જ સમયે ન લો. તમારી આંતરડાની પરે્પની દવા લેતા પહેલાં 1 કલાક અથવા પછી 1 કલાકે તમારી નિયમિત દવાઓ લેવાની યોજના બનાવો. **જો તમને તમારા દવાના સમયનું આયોજન કરવામાં મુશ્કેલી આવી રહી હોય, તો તમારા આરોગ્યસંભાળ પર્દાતાને કૉલ કરો.**

### એન્ટીકોએગ્યુલન્ટ્સ (રક્ત પાતળું કરનાર)

બ્લડ થિનસર્ (લોહીને પાતળું કરવાની દવા) એવી દવાઓ છે જે તમારા લોહીના ગંઠાવાની રીતને અસર કરે છે.

લોહી પાતળું કરતી દવાઓના કેટલાક ઉદાહરણો અહીં આપ્યા છે. આ ઉપરાંત પણ ઘણું બધું છે, તેથી એ ખાતરી કરો કે તમારી સંભાળ લેનારી ટીમ તમે લો છો તે તમામ દવાઓથી વાકેફ હોય. **તમારી સંભાળ ટીમના કોઈ સભ્ય સાથે વાત કયાર્ વિના તમારી લોહી પાતળું કરવાની દવા લેવાનું બંધ કરશો નહીં.**

| | |
|---|---|
| • એપિક્સાબન (Eliquis®)<br>• એસ્પિરિન<br>• સેલેકોક્સિબ (Celebrex®)<br>• સિલોસ્ટેઝોલ (Pletal®)<br>• ક્લોપિડોગ્રેલ (Plavix®)<br>• ડેબીગાટ્રાન (Pradaxa®)<br>• ડેલ્ટેપરિન (Fragmin®)<br>• ડિપાયરિડામોલ (Persantine®)<br>• એડોક્સાબન (Savaysa®)<br>• એનોક્સાપરીન (લવનોક્સ®)<br>• ફોન્ડાપરિનક્સ (Lovenox®)<br>• હેપરિન ઇન્જેક્શન (શોટ) | • મેલોક્સીકેમ (Mobic®)<br>• નોનસ્ટીરોઈડલ બળતરા વિરોધી દવાઓ (NSAIDs), જેમ કે આઇબુપ્રોફેન (Advil®, Motrin®) અને નેપ્રોક્સેન (Aleve®)<br>• પેન્ટોક્સિફેલાઇન (Trental®)<br>• પ્રાસુગ્રેલ (Effient®)<br>• રીવારોક્સાબન (Xarelto®)<br>• સલ્ફાસલાઝીન (Azulfidine®, Sulfazine®)<br>• ટિકાગ્રેલોર (Brilinta®)<br>• ટિન્ઝાપારિન (Innohep®)<br>• વોરફરીન (Jantoven®, Coumadin®) |

### કોન્ટ્રાસ્ટ ડાઈ

કોન્ટ્રાસ્ટ એક વિશેષ ડાય છે, જે તમારા ડૉક્ટર માટે તમારા અંગોમાં તફાવતો જોવાનું સરળ બનાવે છે. તમારા સ્કેન પહેલા તમને પીવા માટે ઓરલ કોન્ટ્રાસ્ટ મળશે. જો તમને ભૂતકાળમાં કોન્ટ્રાસ્ટ ડાઇની પ્રતિક્રિયા (જેમ કે શિળસ) આવી હોય, તો તમારી સંભાળ ટીમને જણાવો. આમાં બેરિયમ અને આયોડિનેટેડ કોન્ટ્રાસ્ટનો સમાવેશ થાય છે.

જો તમે મૌખિક કોન્ટ્રાસ્ટ વગરનું VC લઈ રહ્યો હોય, તો *How to Get Ready for Your Virtual Colonoscopy (VC) Without Oral Contrast* (www.mskcc.org/cancer-care/patient-education/virtual-colonoscopy-without-oral-contrast) વાંચો.

### ડાયાબિટીસની દવા

જો તમે ડાયાબિટીસ માટે ઇન્સ્યુલિન અથવા અન્ય દવા લઈ રહ્યા હો,, તો તમારે તેની માતર્ માં ફેરફાર કરવાની જરૂર પડી શકે છે. તમારા ડાયાબિટીસ આરોગ્ય સંભાળ પર્દાતાને પૂછો કે તમારી પર્કિર્યાના આગલા દિવસે અને સવારે શું કરવું. તેમને કહો કે તમે તમારી પર્કિર્યાના એક દિવસ પેહલા ફક્ત સ્પષ્ટ પર્વાહી આહાર જ લેશો. જો તમે તમારા બ્લડ ગ્લુકોઝ (બ્લડ સુગર)નું નિરીક્ષણ કરો છો, તો તેમને પૂછો કે શું તમારે એ જ સમયપતર્ક પર ચાલુ રખવું જોઈએ. જો તમારા લોહીમાં ગ્લુકોઝ 70 મિલિગર્ામ/ડીએલ (મિલિગર્ામ પર્તિ ડેસિલીટર) થી નીચે આવે તો તેમને કૉલ કરો.

### તમારી ત્વચા પરથી ઉપકરણો કાઢી નાખો.

તમે તમારી ત્વચા પર કેટલાક ઉપકરણો પહેરી શકો છો. તમારી પર્કિર્યા, શસ્તર્કિર્યા અથવા સ્કેન પહેલાં, કેટલાક ઉપકરણ ઉત્પાદકો ભલામણ કરે છે કે તમે આ વસ્તુઓ કાઢી નાખો:

- સતત ગ્લુકોઝનું મોનિટરિંગ (CGM)
- ઇન્સ્યુલિન પંપ

તમારે તમારા ઉપકરણને બદલવાની જરૂર હોય તે તારીખની નજીક તમારી અપોઇન્ટમેન્ટના શેડ્યૂલ વિશે તમારા આરોગ્યસંભાળ પર્દાતા સાથે વાત કરો. તમારી પર્કિર્યા, શસ્તર્કિર્યા અથવા સ્કેન પછી પહેરવા માટે તમારી સાથે એક વધારાનું ઉપકરણ લાવવાની ખાતરી કરો.

જ્યારે તમારું ઉપકરણ બંધ હોય ત્યારે તમારા ગ્લુકોઝ (રક્તમાં શુગર)ને કેવી રીતે નિયંતિર્ત કરવું તે અંગે તમને ચોક્કસ ખબર ન હોય. જો એમ હોય તો, તમારી એપોઇન્ટમેન્ટ પહેલાં, તમારી ડાયાબિટીસની કાળજીનું સંચાલન કરતા આરોગ્યસંભાળ પર્દાતા સાથે વાત કરો.

## પર્કિર્યાના 3 દિવસ પહેલા શું કરવું

### ચોક્કસ પર્કારનો આહાર લેવાનું ટાળો

પચવામાં કઠિન હોય તેવો ખોરાક ન ખાવો. તેઓ તમારા આરોગ્યસંભાળ પર્દાતા માટે તમારા VC દરમિયાન લીધેલા ચિતર્ોમાં તમારા અંગોને જોવાનું મુશ્કેલ બનાવી શકે છે. જો આવું થાય તો તમારે ફરીથી પર્કિર્યા કરવાની જરૂર પડી શકે છે.

પચવામાં ભારે હોય એવા ખોરાકના ઉદાહરણો છે:

- કાચા ફળો અને શાકભાજી. રાંધેલા કે ડબ્બા-પેક તૈયાર હોય એવા શાકભાજી તમે લઈ શકો છો.
- કેનમાં મળતી મકાઈ સહિત આખી કનર્લ મકાઈ.
- પોપકોનર્ (ધાણી).
- બટાકાની છાલ.
- આખા અનાજ જેમ કે ઓટમીલ, બર્ાઉન રાઇસ, ક્વિનોઆ અથવા ઘઉંની બર્ેડ.
- ખસખસ અથવા તલ જેવા બીજ.
- નટ્સ.

## તમારા ઓપેરેશનના આગલા દિવસે તમે શું કરો છો

### તમારી MiraLAX આંતરડાની પર્ેપ તૈયાર કરો

પૂરા 238 ગર્ામ MiraLAX પાવડરને 64 ઔંસ રૂમ તાપમાને હોય એવા સ્વચ્છ પર્વાહી સાથે મિક્સ કરો. તમારી પર્કિર્યાના એક દિવસ પેહલાની સવારે આ કરો. મિરાલેક્સ પાવડર ઓગળી જાય ત્યાં સુધી તેને મિક્સ કરો.

મિરાલેક્સ ઓગળી જાય પછી, તમે મિશ્રણને રેફ્રિજરેટરમાં મૂકી શકો છો. જ્યારે તે ઠંડુ થાય છે ત્યારે ઘણા લોકોને તેનો સ્વાદ વધુ સારો લાગે છે.

તમારી પ્રક્રિયા પહેલા દિવસની સવાર કરતાં વહેલા મિરાલેક્સને મિશ્રિત કરશો નહીં.

### તમારા આંતરડાની પ્રેપ શરૂ કરો

તમારા આંતરડાની પ્રેપ દરમિયાન, તમે રેચક અને કોન્ટ્રાસ્ટ દવા લેશો. આ સૂચનાઓને કાળજીપૂર્વક અનુસરો. તમારી VC માટે તમારું મોટું આંતરડું ખાલી હોય એ ખૂબ જ અગત્યનું છે. જો તમારા કોલોન (આંતરડા) ખાલી ન હોય, તો તમારા કોલોનની અંદર પોલિપ્સ અથવા અન્ય સમસ્યાઓ જોવાનું મુશ્કેલ બનશે. જો આવું થાય, તો તમારે ફરીથી પ્રક્રિયા કરવાની જરૂર પડી શકે છે.

જો તમને કોઈ પ્રશ્નો હોય, તો તમારા આરોગ્યસંભાળ પ્રદાતાની ઑફિસમાં કૉલ કરો.

### શુદ્ધ પ્રવાહી આહારને અનુસરો

તમારી પ્રોસીઝરના એક દિવસ પહેલા તમારે શુદ્ધ પ્રવાહી આહાર લેવાનું ચાલું કરવાની જરૂર પડશે. સ્પષ્ટ પ્રવાહી આહારમાં ફક્ત તે જ પ્રવાહીનો સમાવેશ થાય છે જે તમે જોઈ શકો છો. તમે “ક્લીયર લિક્વિડ ડાયેટ (સ્પષ્ટ પ્રવાહી આહાર)” કોષ્ટકમાં ઉદાહરણો શોધી શકો છો.

જ્યારે તમે સ્પષ્ટ પ્રવાહી આહારનું પાલન કરો છો:

- કોઈપણ નક્કર ખોરાક ન ખાવો.
- તમે જાગતા હો ત્યારે દર કલાકે ઓછામાં ઓછું 1 (8-ઔંસ) કપ સ્પષ્ટ પ્રવાહી પીવાનો પ્રયાસ કરો.
- વિવિધ પ્રકારના સ્પષ્ટ પ્રવાહી પીવો. માત્ર પાણી, કોફી અને ચા પીશો નહીં.
- લાલ, જાંબલી કે નારંગી રંગનું કંઈપણ પીશો નહીં.

તમારા આંતરડાની પ્રેપના દરેક પગલા વચ્ચે તમે ગમે તેટલા સ્પષ્ટ પ્રવાહી પી શકો છો. મધ્યરાત્રિએ સ્પષ્ટ પ્રવાહી પીવાનું બંધ કરો.

| સ્પષ્ટ પ્રવાહી આહાર | | |
|---|---|---|
| | પીવું ઠીક છે | શું ન પીવું |
| સૂપ | • સાફ સૂપ, બોઇલોન અથવા કોન્સોમ.<br>• ક્લિયર પેકેજ્ડ શાકભાજી, ચિકન અથવા બીફ બ્રોથ-મિક્સ. | • સૂકા ખોરાક અથવા પકવવાની પ્રક્રિયાના ટુકડા સાથેના કોઈપણ ઉત્પાદનો. |

| | | |
|---|---|---|
| ગળી વાનગી | • જિલેટીન, જેમ કે જેલ-ઓ®.<br>• ફ્લેવરયુક્ત બરફ.<br>• સ્વીટનસર્, જેમ કે ખાંડ અથવા મધ. | • લાલ, નારંગી અથવા જાંબલી રંગનું કંઈપણ. |
| પીણાં | • પાણી.<br>• ક્લિયર ફ્રૂટ જ્યુસ જેમ કે સફેદ કર્ેનબેરી, સફેદ દર્ાક્ષ, સફરજન.<br>• સોડા, જેમ કે જિંજર એલે, 7-અપ ®, સ્પર્ાઈટ® અને સેલ્ટઝર.<br>• સ્પોટ્સર્ ડિર્ંક્સ, જેમ કે ગેટોરેડ ®, અને પાવરેડ ®.<br>• બ્લેક કોફી.<br>• ચા.<br>• ક્લિયર પર્વાહી પર્ોટીન પીણાં. | • પલ્પ સાથેનો રસ.<br>• નેક્ટાર.<br>• સ્મૂધી અથવા શેક.<br>• દૂધ અથવા કર્ીમ.<br>• નશાકારક પીણાં.<br>• લાલ, નારંગી અથવા જાંબલી રંગનું કંઈપણ. |

### તમારા આંતરડાની પર્ેપની દવા સમયાનુસાર લો

તમારા VC ના એક દિવસ પેહલા આંતરડાની પર્ેપની દવા લેવાનું શરૂ કરો. આ વિભાગમાં આપેલા દવા સમયપતર્કનું પાલન કરો.

તમારે તમારી નિયમિત દવાઓ લેવાના સમયમાં ફેરફાર કરવાની જરૂર પડી શકે છે. જો તમે સામાન્ય રીતે તમારી દવા તે સમયે લો છો જે સમયે તમારે આંતરડાની પર્ેપની દવાઓ લેવાની હોય, તો તમારી નિયમિત દવા 1 કલાક પહેલા અથવા 1 કલાક પછી લેવાની યોજના બનાવો. **જો તમને તમારી દવાના સમયની આયોજન કરવામાં મુશ્કેલી આવી રહી હોય, તો તમારા આરોગ્યસંભાળ પર્દાતાને કૉલ કરો.**

જો તમને કોઈ પર્શ્નો હોય, તો 212-639-7280 પર કૉલ કરો. જો ઑફિસ બંધ હોય, તો 212-639-2000 પર કૉલ કરો અને કૉલ પર રેડિયોલોજી બૉડી વ્યક્તિ માટે પૂછો.

### આંતરડાની સફાઈ કરવા માટેનું સમયપતર્ક

યાદ રાખો કે આ દરેક પગલાંઓ વચ્ચે તમે શુદ્ધ પર્વાહી પી શકો છો. રાતિર્ના સમયે શુદ્ધ પર્વાહી લેવાનું બંધ કરો.

### સવારે 9 વાગ્યા પહેલા

**2 (5 મિલિગર્ામ) બિસાકોડિલ ગોળીઓ** 1 (8-ઔંસ) ગ્લાસ સ્પષ્ટ પર્વાહી સાથે લો. તેમને ચાવશો કે કચડશો નહીં.

એન્ટાસિડ લીધાના 1 કલાકની અંદર ગોળીઓ ન લો. એન્ટાસિડ્સ એ હૃદયદાહ અથવા પેટના દુખાવામાં

રાહત આપવા માટેની દવાઓ છે. એન્ટાસિડ્સના ઉદાહરણોમાં શામેલ છે:

- કેલ્શિયમ કાબોર્નેટ, જેમ કે Tums®.
- હિસ્ટામાઇન-2 બ્લોકસર્, જેમ કે Zantac®.

વધુ જાણવા માટે તમારા આરોગ્યસંભાળ પર્દાતા સાથે વાત કરો.

બિસાકોડીલ ટેબ્લેટ્સ તમે તેને લીધા પછી લગભગ 6 થી 8 કલાક પછી તમને આંતરડાની હિલચાલ (મળ) કરાવશે. આનાથી તમે પછીથી જે રેચક લો છો તે વધુ સારી રીતે કામ કરવામાં મદદ કરશે. ગોળીઓ ભાગ્યે જ ઝાડા (છૂટક અથવા પાણીયુક્ત મળત્યાગ) નું કારણ બનશે. આ ગોળીઓ લીધા પછી પણ તમે સામાન્ય પર્વૃત્તિઓ કરી શકો છો.

**બપોરે 1 વાગ્યે**
MiraLAX (મીરાલેક્સ) મિશર્ણનો પહેલો ભાગ પીવો. તેનો સ્વાદ ઓછો લાગે એ માટે તમે એને સ્ટરૉ વડે પી શકો છો. આ રેચક છે, તેથી તમારે વધુ વખત આંતરડાની હિલચાલ (મળ પસાર કરવાનું) શરૂ થવું જોઈએ.

જેમ જેમ તમે તમારી આંતરડાની તૈયારી ચાલુ રાખશો તેમ તેમ તમારું મળ વધુ ને વધુ ઢીલું અને સ્પષ્ટ થતું જશે. તમે બાથરૂમની નજીક રહેવા માંગશો.

લેક્સેટિવ કામ કરવાનું શરૂ કરે એ માટે લાગતો સમય દરેક વ્યક્તિ માટે અલગ-અલગ હોઈ શકે છે. મિશર્ણનો પહેલો ભાગ પીધા પછી 2 કલાકની અંદર તમારે મળત્યાગ શરૂ થઈ જવું જોઈએ. જો તમને ન થાય, તો તમારા આરોગ્યસંભાળ પર્દાતાને કૉલ કરો.

દરેક મળત્યાગ પછી તમારા ગુદામાગર્ની આસપાસની ત્વચા પર પેટર્ોલિયમ જેલી (Vaseline®) અથવા A & D® મલમ લગાવો. આ બળતરા થતી અટકાવવામાં મદદ કરે છે.

આગામી બીજા 2 કલાકમાં ઓછામાં ઓછું 4 થી 6 કપ (32 થી 48 ઔંશ) શુદ્ધ પર્વાહી પીઓ.

**સાંજે 4 વાગ્યે**
MiraLax મિશર્ણનો બીજો ભાગ પીવો. તમે પહેલા અધર્માં પીધું હતું તે જ રીતે પીવો.

**સાંજે 5 વાગ્યે**
પર્વાહી બેરિયમ સલ્ફેટ સસ્પેન્શનની બોટલ પીવો.

**સાંજે 7 વાગ્યે**

**આયોહેક્સોલ (iohexol)ની બોટલ પી લો.** તમે 8 ઔંશ સાફ જ્યુસ, પાણી કે સોડા સાથે લોહેક્સોલ મિક્સ કરી શકો છો. તમે આયોહેક્સોલ પણ પી શકો છો, પછી તેની સાથે 8 ઔંસ સ્પષ્ટ રસ, પાણી અથવા સોડા પણ પી શકો છો.

પ્લાસ્ટિકની બોટલમાં ટોચ પર ખેંચવાનું ટેબ હોય છે, પરંતુ તમારે તેને ખેંચવાની જરૂર નથી. એના કરતા તેને દૂર કરવા ઉપરનો આખો ભાગ મરોડીને ફેરવો. કોન્ટ્રાસ્ટ પીતા પહેલા બ્લેક રબર સ્ટોપર ઉતારી લો.

આયોહેક્સોલ બોટલ કહે છે કે તે ઈન્જેક્શન માટે છે, પરંતુ તમે તેને પી પણ શકો છો. અમે ઇચ્છીએ છીએ કે તમે તેને પીવો જેથી તે તમારા VCના સમય સુધીમાં તમારા કોલોનમાં હોય. તે પીધા પછી, તમારું મળ વધુ પર્વાહી અને પીળો-સ્પષ્ટ હોવો જોઈએ. આ એવો સંકેત છે કે તમારા આંતરડા હવે સાફ થઈ રહ્યા છે. જો તમારા આંતરડા સાફ ન થઈ રહ્યા હોય, તો 212-639-7280 પર કૉલ કરો અને નસર્ અથવા કૉલ પર હાજર વ્યક્તિ સાથે વાત કરવા માટે કહો.

**મધ્યરાતિર્ (12 વાગ્યા) પછી**

**મધ્યરાતિર્ પછી તમારી દવા સિવાય કંઈ ખાશો કે પીશો નહીં.** જો તમે દવા લો છો, તો તેને પાણીના નાના ઘૂંટ સાથે લો.

## તમારા ઓપેરેશનના દિવસે શું કરવું

**કંઈ ખાવું કે પીવું નહીં.** જો તમે દવા લો છો, તો તેને સામાન્ય રીતે પાણીના નાના ઘૂંટ સાથે લો.

### જ્યારે તમે આવો ત્યારે શું અપેક્ષા રાખવી

ઘણા સ્ટાફ સભ્યો તમને તમારું નામ અને જન્મ તારીખ કહેવા અને જોડણી કરવા માટે કહેશે. આ તમારી સલામતી માટે છે. સરખા અથવા સમાન નામ ધરાવતા લોકોની એક જ દિવસે સજર્રી થઈ શકે છે.

જ્યારે તમારી પર્કિર્યા બદલવાનો સમય આવશે, ત્યારે તમને પહેરવા માટે હોસ્પિટલનો ઝભ્ભો મળશે. એક સ્ટાફ સભ્ય તમને CT તપાસ ખંડમાં લઈ જશે અને CT તપાસ ટેબલ પર સૂવામાં મદદ કરશે.

### તપાસ ખંડમાં

નસર્ અથવા ડૉક્ટર તમારા ગુદામાગર્માં ધીમેધીમે એક નાની નળી મૂકશે. તમને એમ લાગશે કે તમારા મળાશયની તપાસ થઈ રહી છે. તેઓ તમારા પગ અથવા નિતંબ સાથે નળીને ચોંટાડી દેશે. ટ્યુબ તમારા કોલોનને હવા અથવા ગેસથી ફુલાવી દેશે જેથી તમારા ટેક્નોલોજિસ્ટ તેની અંદર જોઈ શકે.

પર્કિર્યા દરમિયાન તમારા ટેક્નોલોજિસ્ટ તમને અમુક વાર સ્થિતિ બદલવાનું કહેશે. આ તમારા કોલોનમાં હવા અથવા ગેસને ખસેડવામાં મદદ કરવા માટે છે. તમે તમારા પડખા પર, પીઠ પર અને પેડુ (પેટ) પર સૂઈ રહેશો.

જ્યારે સીટી સ્કેનર ચિતરો લે છે ત્યારે તમારા ટેક્નોલોજિસ્ટ તમને લગભગ 10 સેકન્ડ માટે તમારા શ્વાસને રોકવા માટે કહેશે. તેઓ ઓછામાં ઓછા 2 અલગ અલગ સ્થિતિમાં તમારા પેટ અને પેલ્વિસના ચિતરો લેશે. આ સામાન્ય રીતે જ્યારે તમે તમારી પીઠ અને પેટ પર હો ત્યારે થાય છે.

VC પીડાદાયક નથી, પરંતુ તમે થોડું પેટનું ફૂલવું, અસ્વસ્થતા અથવા ખેંચાણ અનુભવી શકો છો. તમને એવું પણ લાગશે કે તમને આંતરડાની હિલચાલ થઈ રહી છે. તમારે પરોસીઝર પછી તમને આવી કોઈ અનુભૂતિ નહીં થાય.

**તમારી પર્કિર્યા પછી**

તમે તમારા પેટમાં થોડો ખેંચાણ અનુભવી શકો છો. તમારી પરોસીઝર દરમિયાન ઉપયોગ થતાં ગેસને લીધે આમ થાય છે. ચાલવાથી ગેસ છૂટો પડવામાં અને તમારા ખેંચાણને ઓછું કરવામાં મદદ મળી શકે છે.

તમારી પર્કિર્યા પછી તમે તમારા સામાન્ય આહાર પર પાછા જઈ શકો છો.

## તમારા પરિણામો મેળવી રહ્યા છીએ

તમારા પરિણામો મેળવવામાં સામાન્ય રીતે 2 થી 3 કામકાજી દિવસો (સોમવારથી શુકર્વાર) લાગે છે. જ્યારે પરિણામો તૈયાર થઈ જશે ત્યારે જે ડૉક્ટરે તમને તમારા VC માટે જે ડૉક્ટરે તમને મોકલ્યા હતા તે તમને કોલ કરશે.

## તમારા આરોગ્યસંભાળ પર્દાતાને ક્યારે કૉલ કરવો

જો તમને નિમ્નલિખિત હોય તો તમારા હેલ્થકેરને કોલ કરો:

- 101°F (38.4°C) અથવા તેથી વધુ તાવ.
- પેટમાં દુખાવો, હળવા ખેંચાણ સિવાય.
- તમારા ગુદામાગર્માંથી રક્તસ્તરાવ, તમારા VCના 24 કલાક પછી ટોઇલેટ પેપર પર થોડી માતરામાં લોહી સામાન્ય છે.
- નબળાઈ અથવા ચક્કર.
- ઉબકા (તમને ઉલ્ટી થઈ જશે એવી લાગણી).
- ઉલટી (ઉલટી કરવી).

## આંતરડાની સફાઈ કરવા માટેનું સમયપતર્ક

તમે દરેક દવા લો છો તે સમય લખવા માટે આ કોષ્ટકનો ઉપયોગ કરો.

| પગલું | નિધાર્રિત સમય | ખરેખર લાગેલ સમય | લેવા માટેની દવાઓ |
| --- | --- | --- | --- |
| 1 | સવારે 9 વાગ્યા પહેલા | | • 2 (5 મિલિગ્રામ) બિસાકોડિલ ગોળીઓ લો. |
| 2 | બપોરે 1 વાગ્યે | | • મિરાલેક્સ મિશર્ણનો અડધો ભાગ (32 ઔંસ) પીવો. |
| 3 | સાંજે 4 વાગ્યે | | • મિરાલેક્સ મિશર્ણનો બીજો અડધો ભાગ (32 ઔંસ) પીવો. |
| 4 | સાંજે 5 વાગ્યે | | • પર્વાહી બેરિયમ સલ્ફેટ સસ્પેન્શનની 1 (225 મિલીલીટર) બોટલ પીવો. |
| 5 | સાંજે 7 વાગ્યે | | • આયોહેક્સોલની 1 (50 મિલી) બોટલ પીવો.<br>• તમે આને 8 ઔંસના સ્પષ્ટ પર્વાહી સાથે મિક્સ કરી શકો છો અથવા આયોહેક્સોલ પી શકો છો અને પછી 8 ઔંસનું સ્પષ્ટ પર્વાહી પી શકો છો. |

જો તમને કોઈ પર્શ્નો અથવા ચિંતાઓ હોય, તો તમારા આરોગ્ય સંભાળ પર્દાતાનો સંપકર્ કરો. તમારી સંભાળ ટીમના સભ્ય સોમવારથી શુકર્વાર સુધી જવાબ આપશે ૯ વાગે સવારે થી ૫ વાગે સાંજે આ સમય સિવાય, તમે કોઈ સંદેશ છોડી શકો છો અથવા અન્ય MSK પર્દાતા સાથે વાત કરી શકો છો. કૉલ પર હંમેશા ડૉક્ટર અથવા નસર્ હોય છે. જો તમને તમારા આરોગ્યસંભાળ પર્દાતાનો સંપકર્ કેવી રીતે કરવો તે વિશે ખાતરી ન હોય, તો212-639-2000પર કૉલ કરો.

વધુ રિસોસર્ માટે, અમારી વચુર્અલ લાઈબર્રેરી www.mskcc.org/peની મુલાકાત કરો


તમામ અધિકાર અને માલિકી હક મેમોરિયલ સ્લોન કેટરિંગ કેન્સર સેન્ટર દ્વારા આરક્ષિત છે

**છેલ્લે અપડેટ કયાર્ તારીખ**

માચર્ 23, 2026

Learn about our Health Information Policy.

## તમારા વિચારો અમને જણાવો.

## તમારા વિચારો અમને જણાવો.

તમારો પર્તિસાદ અમને અમે પર્દાન કરતી શૈક્ષણિક માહિતીમાં સુધારો કરવામાં મદદ કરશે. તમારી સંભાળ ટીમ તમે આ પર્તિસાદ ફોમર્માં શું લખો છો તે જોઈ શકશે નહીં. કૃપા કરીને તમારી સારવાર વિશે પૂછવા માટે તેનો ઉપયોગ ન કરો. જો તમને તમારી સારવાર વિશે પર્શ્નો હોય, તો તમારા આરોગ્યસંભાળ પર્દાતાનો સંપકર્ કરો.

અમે તમામ પર્તિસાદ વાંચીએ છીએ, પરંતુ અમે કોઈપણ પર્શ્નોના જવાબ આપી શકતા નથી. કૃપા કરીને આ પર્તિસાદ ફોમર્માં તમારું નામ અથવા કોઈપણ વ્યક્તિગત માહિતી લખશો નહીં.

શું આ માહિતી સમજવામાં સરળ હતી?

- ○ હા
- ○ કંઈક અંશે
- ○ ના

અમે શું વધુ સારી રીતે સમજાવી શક્યા હોત?

કૃપા કરીને તમારું નામ અથવા કોઈપણ વ્યક્તિગત માહિતી લખશો નહીં.

સબમિટ કરો